# ગુજરાત જાહેર સેવા આયોગ

## અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી

સરકારી ઇજનેરી કૉલેજ ખાતે રસાયણશાસ્ત્રના સહાયક પ્રાધ્યાપક , વર્ગ-2ની જગ્યાએ ભરતી કરવા માટે જાહેરાત ક્રમાંક: 105/2015-16ના સંદર્ભમાં આયોગ દ્વારા તા.28.08.2016ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે આયોગે અરજી ચકાસણી ની પાત્રતા માટે નક્કી કરેલ લાયકી ધોરણ (જે તે કેટેગરીમાં મેરીટ યાદી મુજબ ઉતરતા ક્રમમાં જરૂરી સંખ્યા અનુસારના છેલ્લા ઉમેદવારના ગુણ) મુજબ અરજી ચકાસણીને પાત્ર કેટેગરીવાઇઝ ઉમેદવારોના બેઠક નંબરો નીચે મુજબ છે.

| ક્રમ | કેટેગરી | જગ્યાની સંખ્યા | નોર્મ્સ મુજબ જરૂરી અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની સંખ્યા | ખરેખર પાત્ર થતા ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|---|
| 01 | **બિન અનામત (કૉમન)** | 02 | 10 | 10 |
| **101000019** | **101000022** | **101000034** | **101000051** | **101000094** |
| **101000111** | **101000124** | **101000156** | **101000169** | **101000170** |

**TOTAL: 10**

| ક્રમ | કેટેગરી | જગ્યાની સંખ્યા | નોર્મ્સ મુજબ જરૂરી અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની સંખ્યા | ખરેખર પાત્ર થતા ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|---|
| 02 | **બિન અનામત (મહિલા)** | 01 | 08 | 08 |
| **101000002** | **101000016** | **101000028** | **101000048** | **101000164** |
| **101000177** | **101000189** | **101000205** | **TOTAL: 08** | |

<u>નોંધ:</u>(1) આયોગના તા.15-10-2009 તથા તા.11-11-2009ના કચેરી હુકમથી નક્કી થયેલ માપદંડ પ્રમાણે આયોગ દ્વારા સીધી ભરતી માટે લેવામાં આવતી પ્રાથમિક કસોટી/હેતુલક્ષી કસોટી માટે દરેક કેટેગરીની અનુભવ વગરની જગ્યા માટે 01 જગ્યા સામે 08 ઉમેદવારો, 02 જગ્યા સામે 10 ઉમેદવારો અને 03 કે તેથી વધુ જગ્યા સામે જગ્યાના 4 (ચાર) ગણા ઉમેદવારો અને દરેક કેટેગરીની અનુભવવાળી જગ્યા માટે 01 જગ્યા સામે 10 ઉમેદવારો, 02 જગ્યા સામે 12 ઉમેદવારો અને 03 કે તેથી વધુ જગ્યાઓ સામે જગ્યાના 6 (છ) ગણા ઉમેદવારો ની કેટેગરીવાઇઝ જગ્યાઓ મુજબ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી (કામચલાઉ પરિણામ) પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ જગ્યા માટેની જાહેરાતમાં દર્શાવવામાં આવેલ

જગ્યાઓ મુજબ બિન અનામત (કૉમન)ની 02 જગ્યા સામે 10 અને બિન અનામત (મહિલા)ની 01 જગ્યા સામે 08 ઉમેદવારો મળી કુલ: 18 ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર સફળ જાહેર કરવાના થાય છે. અને આ માપદંડો / ધોરણો રૂબરૂ મુલાકાતને પાત્ર સફળ ઉમેદવારોની આખરી યાદી પહેલાના તબક્કાની કાર્યવાહીના ભાગ રૂપે છે.

(2) આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી નક્કી થયેલ માપદંડ પ્રમાણે દરેક કેટેગરીની 1 જગ્યા સામે 6, 2 જગ્યા સામે 8, 3 જગ્યા સામે 10 અને 4 કે તેથી વધુ જગ્યા સામે 3 ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના થાય છે. આ જગ્યા માટેની જાહેરાતમાં દર્શાવવામાં આવેલ જગ્યા મુજબ બિન અનામત (કૉમન)ની 02 જગ્યા સામે 08 અને બિન અનામત (મહિલા)ની 01 જગ્યા સામે 06 ઉમેદવારો મળી કુલ: 14 ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના થાય છે.

(3) જો આ ઉમેદવારોમાંથી રૂબરૂ મુલાકાતને પાત્ર પુરતા ઉમેદવારો નહિ મળે તો મેરીટ યાદી મુજબ ક્રમાનુસાર આયોગના તા.19.07.2013ના કચેરી હુકમથી ઠરાવેલ લઘુત્તમ ગુણ કરતાં વધુ ગુણ ધરાવતા ઉમેદવારો જો પ્રાપ્ત થતા હશે તો વધુ ઉમેદવારોની અરજીઓની ચકાસણી કરવામાં આવશે. આ રીતે જે બેઠક નંબરોના ઉમેદવારોની અરજીઓની ચકાસણી કરવાની થશે તેની વિગતો આખરી પરિણામમાં દર્શાવવામાં આવશે.

(4) આ પરિણામમાં કામચલાઉ ધોરણે અરજી ચકાસણીને પાત્ર જાહેર થયેલ ઉમેદવારો પૈકી જે ઉમેદવારો ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઇઓ મુજબ જરૂરી શૈક્ષણિક લાયકાત , અનુભવ, ઉંમર ઇત્યાદિ જરુરીયાતો પરિપૂર્ણ કરતા નહીં હોય , તેમને બાકાત કર્યા પછી બાકી રહેતા ઉમેદવારોની સંખ્યા 14 કરતાં વધુ હશે તો મેરીટયાદી મુજબ 14 ઉમેદવારોને ગણતરીમાં લીધા બાદ તે પછીના ઉમેદવારોને તેઓ બધી જરુરિયાતો સંતોષતા હશે તો પણ રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં નહી આવે, જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવી.

(5) વધુમાં આ રીતે રૂબરૂ મુલાકાતને માટે પાત્ર ગણવાના ઉમેદવારો પૈકી જે તે કેટેગરીમાં છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યારપછીના જે કોઇ ઉમેદવારના હશે તેમને પણ રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે. આ પ્રમાણે થશે તો રૂબરૂ મુલાકાત માટે પાત્ર 14 ઉમેદવારોની સંખ્યામાં વધારો થઇ શકશે.

(6) ઉપરની કાર્યવાહી બાદ રૂબરૂ મુલાકાતને પાત્ર થતાં ઉમેદવારોની યાદી નોટીસ બોર્ડ પર હવે પછી મુકવામાં આવશે.

4. અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને "ઓન-લાઇન" કન્ફર્મ થયેલ અરજી પત્રક સાથે ફી ભર્યાના ચલણની નકલ (જે ઉમેદવારોએ ફી ભરવાની જરૂરી હોય) અને લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નક્લ નીચેના ક્રમાનુસાર

(૧) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

(૨) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(૩) અનામત વર્ગના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(૪) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ તથા છેલ્લા ત્રણ વર્ષ (જેમાં જાહેરાતના વર્ષનો સમાવેશ થયેલ હોવો જોઇએ) દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમુના "પરિશિષ્ટ- ક " (ગુજરાતીમાં) મુજબના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્રની નકલ (અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure-A પ્રમાણપત્ર માન્ય નથી.)

(૫) વિધવા મહિલા ઉમેદવાર ના કિસ્સામાં પુન: લગ્ન કર્યા નથી તેવી એફિડેવીટ

(૬) શારિરીક રીતે અશક્ત ઉમેદવાર માટે સા.વ.વિભાગના તા.૦૧.૧૨.૨૦૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબના અશક્તા પ્રમાણપત્રની નકલ

(૭) શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક / અનુસ્નાતકની પદવી પ્રમાણપત્રની નકલ અને સ્નાતક/ અનુસ્નાતકની પદવીના અંતિમ વર્ષના બે સેમેસ્ટરના ગુણપત્રકની નકલ

(૮) વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

# 4 #

(૯) શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક/અનુસ્નાતકની પદવીની સમકક્ષ લાયકાત ધરાવે છે તેવો હક્ક દાવો હોયતો ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો/ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૦) ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓએ રૂબરૂ મુલાકાત સમયે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સા.વ.વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમુનામાં “ના વાંધા પ્રમાણપત્ર” (અસલમાં) અચૂક રજુ કરવાનું રહેશે.

(૧૧) સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ [જેમાં સંસ્થાના લેટરપેડ ઉપર (ક) ધારણ કરેલ જગ્યા / હોદ્દો (ખ) અનુભવનો ક્રમાનુસાર સમયગાળો (ગ) અનુભવનો પ્રકાર અને (ઘ) મેળવવામાં આવતા પગાર અને ભથ્થાઓની વિગત દર્શાવેલ હોય] અને

(૧૨) અન્ય લાગુ પડતા હોય તેવા આધાર/પુરાવા અચુક જોડીને <u>તા.17.03.2017</u> સુધીમાં આયોગની કચેરીમાં સંયુક્ત સચિવશ્રી (આર-4) ને મળે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

Sd/-

સ્થળ: ગાંધીનગર-382010 (ટી. એચ. સોની)

તારીખ: 04.03.2017 સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ